# કરાંચીના શિક્ષકની સોટીને કારણે સ્થપાયું સંસ્કારધામ

## સૌરાષ્ટ્રના સંસ્કારધામ શારદાગ્રામના શિલ્પી મનસુખરામભાઈ જોબનપુત્રાના રાષ્ટ્રપ્રેમી માતાએ સ્વદેશી શાળા સ્થાપવા પોતાના ઘરેણાં વેંચ્યાં હતાં !




વિશેષ

રાજેન્દ્ર દવે


આજથી ૯૦ વર્ષ પહેલાંની આ વાત છે. એ સમયે અખંડ હિન્દુસ્તાન હતું. એટલે કે પાકિસ્તાનનું અસ્તિત્વ જ નહોતું. હિન્દુસ્તાનના એ સમયના મહાનગરોમાંનું એક કરાંચી હતું. આ કરાંચી શહેરની હિંદુ એકેડેમી નામની સરકારમાન્ય સિંધી શાળામાં એક કાઠિયાવાડી શિક્ષક નોકરી કરતા હતા. એમને ગુજરાતી બાળકોના માધ્યમિક શિક્ષણ વિભાગનું સંચાલન સોંપવામાં આવ્યું હતું. આ શાળા વ્યાપારી હવે માત્ર આર્થિક લાભ માટે જ ચાલતી હતી. આચાર્યને શિક્ષણમાં ખાસ રસ નહોતો. પેલા કાઠિયાવાડી શિક્ષક જ શાળાની પ્રાર્થના અને બીજી પ્રવૃત્તિઓનું કુશળતાપૂર્વક સંચાલન કરતા હતા.

આ શિક્ષકના વિભાગની શિસ્ત અજોડ ગણાતી હતી. તેઓના વિદ્યાર્થીઓના અક્ષર મોતીના દાણા જેઈલો. બાળકો આ શિક્ષકની રસમય શિક્ષણશૈલીથી એમની પાછળ ગાંડા હતા. પરિણામે તેઓ હોંશે હોંશે અભ્યાસ કરતાં. શાળા નિરીક્ષણ માટે આવતા નિરીક્ષકો એમના શિક્ષણકાર્ય અને સંચાલનથી મુગ્ધ થઈ જતા.

શાળાના શિક્ષકગણ અને વિદ્યાર્થીઓ ઉપર એમનું વર્ચસ્વ વધતું જતું હતું. બાળકોમાં અને વાલીઓમાં એમની સારી પ્રતિષ્ઠા જામી ગઈ હતી. બરાબર આ અરસામાં જ મહાત્મા ગાંધીજીએ અસહકારનું આંદોલન છેડ્યું. સરકારી અને અર્ધસરકારી સંસ્થાઓનો બહિષ્કાર કરવાની ગાંધીજીની હાકલને માન આપી, રાષ્ટ્રીય વિચારસરણી ધરાવતા એ કાઠિયાવાડી શિક્ષકે સરકારમાન્ય હિન્દુ એકેડેમી સંસ્થાનો ત્યાગ કરી દીધો. વિદ્યાર્થીઓમાં આ શિક્ષકની લોકપ્રિયતા એટલી બધી હતી કે સતત સંપર્ક અને શિક્ષણથી રાષ્ટ્રીય



મનસુખરામભાઈ જોબનપુત્રા

રંગ રંગાયેલા એમના વિદ્યાર્થીઓ પણ એ શિક્ષકના પગલે પગલે શાળાનો બહિષ્કાર કરી ચાલી નીકળ્યા. વિદ્યાર્થીઓમાં અતિપ્રિય સેવા એ કાઠિયાવાડી શિક્ષકનું નામ હતું મનસુખરામ જોબનપુત્રા.

રાજકોટ જિલ્લાના લોધિકા ગામે તા. પહેલી માર્ચ ૧૮૯૮ના રોજ જન્મેલા મનસુખરામભાઈના પિતા મોરારજીભાઈ ધંધો કરતા હતા. મનસુખરામભાઈના માતાનું નામ અંબાબેન હતું.

ઈ.સ. ૧૯૦૦ની આસપાસના વર્ષો સૌરાષ્ટ્ર માટે ઘણા કપરાં હતાં. ઉપરા ઉપરી દુકાળો પડ્યા હતા. વેપાર ધંધા પડી ભાંગ્યા હતા. મનસુખરામભાઈના પિતાએ સૌરાષ્ટ્ર છોડી કરાંચી જવાનું પસંદ કર્યું. એ સમયે મનસુખરામભાઈ માંડ પાંચેક વર્ષના હતા. પિતા મોરારજીભાઈ કરાંચીમાં ટૂંકા પગારની ખાનગી નોકરી કરવા લાગ્યા.

ભણવામાં હોશિયાર હોવા છતાં સંજોગોવસાત્ મનસુખરામભાઈ મેટ્રિકથી વધુ ભણી શક્યા નહીં. ગાંધીજી, રવીન્દ્રનાથ ટાગોર અને મહર્ષિ અરવિંદના ઉપાસક મનસુખરામભાઈનું વાંચન વિશાળ હતું. પોતે ભલે ખાસ ભણી શક્યા નહીં, પરંતુ તેમને શિક્ષણમાં સવિશેષ રસ હતો. એ સમયના શિક્ષકો હાથમાં સોટી રાખતા. વિદ્યાર્થીઓ વાંકમાં આવે એટલે હાથ ઉપર સોટી ફટકારતા. મનસુખરામભાઈએ પણ આવી રીતે સોટીનો માર ખાધેલો. તેથી તેઓ આ પ્રથાના વિરોધી હતા. શિક્ષણ પ્રત્યેના પ્રેમને કારણે જ તેઓ કરાંચીની સિંધી શાળામાં શિક્ષક તરીકે જોડાયા હતા અને પોતાની આગવી શિક્ષણશૈલીથી વિદ્યાર્થીઓમાં પ્રિય બની ગયા હતા.

અસહકારના આંદોલન વખતે ગાંધીજીની હાકલથી પ્રેરાઈ મનસુખરામભાઈએ સરકારી નોકરી છોડી દીધી. પોતાની પદ્ધતિથી વિદ્યાર્થીઓને શિક્ષણ આપવા તેમણે પોતાની શાળા શરૂ કરવાનો વિચાર કરી વિચારને અમલી બનાવ્યો. જેના પરિણામે કરાંચીના નાનકવાડાના બગીચામાં વૃક્ષો નીચે ભારત સરસ્વતી મંદિરની સ્થાપના થઈ. આ શાળા સંસ્થાની સ્થાપના કરવા મનસુખરામભાઈની માતાએ પોતાના ઘરેણાં વેંચીને મનસુખરામભાઈને રૂપિયાની સગવડ કરી આપી હતી. આ સંસ્થા પાસે રૂપિયા હતા નહીં, છતાં એક વિશિષ્ટ પ્રકારની મૂડીથી સમૃદ્ધ હતી. એ સમૃદ્ધિ એટલે મનસુખરામભાઈની કેળવણીની આગવી દૃષ્ટિ.

થોડા સમયમાં જ આ શાળાની સુવાસ ચોમેર પ્રસરતા શાળામાં વિદ્યાર્થીઓની સંખ્યા વધવા લાગી. કાઠિયાવાડમાંથી કરાંચી ભણવા આવેલા ઢેબરભાઈ માંકડ પણ નવરાશના સમયે સંસ્થામાં સેવા આપવા લાગ્યા. આમ, શિક્ષણના વિવિધ પાસાંની અનેકવિધ પ્રવૃત્તિઓથી ભારત સરસ્વતી મંદિર ધમધમવા લાગ્યું. ઈ.સ. ૧૯૨૯માં ગાંધીજીએ આ શિક્ષણ સંસ્થાની મુલાકાત લઈ પ્રસન્નતા વ્યક્ત કરી હતી. ૧૯૩૧માં સત્યાગ્રહની લડત દરમિયાન સરકારે આ સંસ્થાને ગેરકાયદેસરની સંસ્થા જાહેર કરી. મનસુખરામભાઈની ધરપકડ કરવામાં આવી. આથી અન્ય સ્થળે 'શ્રી શારદામંદિર'ના નામથી સંસ્થાનું નવનિર્માણ કરવામાં આવ્યું. ૧૯૩૩માં આ સંસ્થાને મુંબઈ યુનિવર્સિટીની માન્યતા મળતા તેનું ગૌરવ વધ્યું.

દેશના અગ્રણી નેતાઓ અને કેળવણીકારોમાં આ સંસ્થા શિક્ષણક્ષેત્રે અવનવા પ્રયોગો કરતી ઉચ્ચ કોટિની સંસ્થા તરીકે આદરપાત્ર ગણાવા લાગી. આ સંસ્થા સોળે કળાએ ખીલી હતી. એની સુવાસ દેશ-વિદેશમાં પ્રસરી હતી. ત્યારે જ ૧૯૪૭માં દેશના ભાગલા પડ્યા. પાકિસ્તાનનું સર્જન થયું. ગાંધીજી ઈચ્છતા હતા કે શારદા મંદિરે કરાંચી છોડવું નહીં, પરંતુ ભારેલા અગ્નિ જેવા વાતાવરણમાં સંસ્થાનું અસ્તિત્વ ટકી શકે એવા સંજોગો જ રહ્યા ન હતા. પાકિસ્તાનની સરકારે 'શારદામંદિર'ને 'અંજુમન-એ-તરક્કી-એ' નામની ઉર્દૂ સંસ્થાને સોંપી દીધું. પાકિસ્તાન સરકારે બહાર પાડેલા વટહુકમ મુજબ મનસુખરામભાઈને સંસ્થાની લાખો રૂપિયાની મિલકત છોડી, પહેરેલ કપડે, ખાલી હાથે ભારત પાછા ફરવું પડ્યું.

કરાંચીમાં મનસુખરામભાઈએ શિક્ષણક્ષેત્રે કરેલા પ્રદાનની સુવાસ દેશભરમાં પ્રસરેલી હતી એટલે ગુજરાતની અનેક સંસ્થાઓ તરફથી તેમના શિક્ષણકાર્યને આગળ ધપાવવા એમને આમંત્રણો મળવા લાગ્યા. પરંતુ મનસુખરામભાઈ પોતાની આગવી શિક્ષણ દૃષ્ટિથી શિક્ષણ પ્રયોગો કરવા માગતા હતા. સંસ્થાના નવનિર્માણ માટે અનુકૂળ સ્થાન શોધવા મનસુખરામભાઈ ઘણું ફર્યા. આખરે સંતભૂમિ સૌરાષ્ટ્રના સોરઠ તરીકે ઓળખાતા પ્રદેશમાં માંગરોળ પાસે લીલી નાઘેરના પછાત ગ્રામપ્રદેશમાં દરિયાકાંઠે સંસ્થા સ્થાપવાનું નક્કી થયું. આ સંસ્થા એટલે 'શારદાગ્રામ' આદર્શ આશ્રમી સંસ્થા તરીકે ઓળખાતું શારદાગ્રામ કલ્યાણગ્રામનું વાસ્તવિક ચિત્ર રજૂ કરે છે.

શહેરની ભીડથી દૂર તપોવન જેવા વાતાવરણમાં શૈક્ષણિક સંકુલ સ્થાપવાનો અત્યારે ક્રેઝ છે, પણ મનસુખરામભાઈએ તો આજથી દાયકાઓ પહેલાં આવી રીતે સંસ્થા સ્થાપી વિદ્યાર્થીઓને કેળવણી આપી હતી. શારદાગ્રામમાં શહેરની અદ્યતન સવલતો સાથે આદર્શ ગામના સુંદર તત્ત્વોના સુભગ સુમેળના દર્શન થાય છે. પ્રાચીન ઋષિઓના આશ્રમની ઝાંખી કરાવતું શારદાગ્રામ આજે માત્ર શિક્ષણધામ નથી રહ્યું, એ સંસ્કારધામ અને સૌંદર્યધામ પણ છે. અહીંની પ્રવૃત્તિઓમાં પ્રાણ ધબકે છે. શારદાગ્રામ મનસુખરામભાઈના જીવનનું પ્રતિબિંબ છે. પહેલી ઓગસ્ટ ૧૯૭૪ના રોજ મનસુખરામભાઈનો દેહવિલય થયો પણ શારદાગ્રામના અણુએ અણુમાં એમની પ્રતિભા આજેય છવાયેલી છે.



શારદાગ્રામ

"ફૂલછાબ"
તા: 21-08-2017